DATE :- 14-11-2025

SANDESH PAGE :- 02 , SURAT

# સુરતમાં મેટ્રો કામગીરી માટે વધુ ૫ હજાર ચો.મી. જમીન ફાળવાશે

। સુરત ।

સુરતમાં ૧૨ હજાર કરોડના ખર્ચે સાકાર થઈ રહેલા મેટ્રો રેલ પ્રોજેક્ટ પર શહેરીજનોની મીટ મંડાયેલી છે. સુરતમાં પહેલી મેટ્રો ટ્રેન ક્યારે દોડશે, પહેલો મેટ્રો રૂટ કયો શરૂ થશે તેને લઈને શહેરીજનોમાં સમયાંતરે ચર્ચા છેડાઈ છે, ત્યારે ઝડપથી આગળ ધપી રહેલી મેટ્રો પ્રોજેક્ટની કામગીરી માટે પાલિકા વધુ પાંચ હજાર ચોરસ મીટર જમીનની ફાળવણી કરશે. વિવિધ વિસ્તારમાં જમીન ફાળવણીને પગલે પ્રિમિયમ અને એડવાન્સ ભાડા પેટે પાલિકાને ૮ કરોડની આવક થશે.

હાલમાં ઉગત વારીગૃહ મેટ્રો સ્ટેશનના એન્ટ્રી-એક્ઝિટ માટે ટી.પી. સ્કીમ નંબર-૪૨ (જહાંગીરાબાદ) અને મોજે જહાંગીરાબાંદમાં ૧૭૦ ચોરસ મીટર જમીન અને પાલનપુર મેટ્રો સ્ટેશનના એન્ટ્રી-એક્ઝિટ માટે ટી.પી.-૧૩ (અડાજણ)માં ૧૧૨૮ ચોરસ મીટર જમીનની માંગણી કરવામાં આવી હોય જમીન ફાળવણીના એલોટમેન્ટ પાઠવવા પાલિકા કમિશનરે મંજૂરી આપી છે. વધુમાં, કાપોદ્રા મેટ્રો સ્ટેશનના એન્ટ્રી-એક્ઝિટ અને એન્સીલરી બિલ્ડિંગ માટે ટી.પી. ૧૬(કાપોદ્રા)માં ફાઈનલ પ્લોટ નંબર-૫૧ પૈકીની ૮૫૯ ચોરસ મીટર અને રિસિવિંગ સબ સ્ટેશન માટે ફાઈનલ પ્લોટ નંબર-૫૧ પૈકી, ૫૨ પૈકી ૨૮૬૨ ચોરસ મીટર જમીનની માંગણી થઈ હોય પાલિકા કમિશનરે એલોટમેન્ટ લેટર પાઠવવાની મંજૂરી આપી દીધી છે. સરકારના નીતિ-નિયમો મુજબ જમીન ફાળવણીથી સુરત મહાનગરપાલિકાને પ્રિમિયમ અને ૯૯ વર્ષના એડવાન્સ ભાડા પેટે ૮.૧૭ કરોડની આવક થશે.